12/2

(20)

ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણવર્મા

# કચ્છ યુનિવર્સિટી

મુન્દ્રા રોડ, ભુજ-કચ્છ. ૩૭૦ ૦૦૧. ફોન નં.(૦૨૮૩૨) ૨૩૫૦૦૨ ફેક્સઃ ૨૩૫૦૧૨

E-mail : info@kskvkachchhuniversity.org Web : kskvkachchhuniversity.org

રેફ.નં.: ક.યુ./E C.- Minuets (12) 26th Mar '12 /૨૦૧૧ –૧૨/ 480 to 492 તા. ૨૯/૦૩/'૧૨

પ્રતિ,
એક્ઝિક્યુટીવ કાઉન્સિલના તમામ સભ્યશ્રીઓ તરફ...

**વિષય :** ગત તારીખ ૨૬મી માર્ચ '૨૦૧૨નાં રોજની એક્ઝિક્યુટીવ કાઉન્સિલની યોજાયેલ બેઠકની મિનિટ્સ નોંધ મોકલવા બાબત...

શ્રીમાન,

જય ભારત સાથ ઉપરોક્ત વિષયે જણાવવાનું કે, માનનીય કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને **તારીખ ૨૬મી માર્ચ '૨૦૧૨ના** રોજ યુનિવર્સિટી કાર્યાલય ખાતે મળેલ દ્વિતિય એક્ઝિક્યુટીવ કાઉન્સિલની બારમી બેઠકની મિનિટ્સ નોંધ આ સાથે સામેલ રાખી મોકલી આપવામાં આવે છે જે ધ્યાને લેવા વિનંતી.

આભાર સહ,

આપનો વિશ્વાસુ,

B. S. Patel

**કુલસચિવ**

**બિડાણ :** ઉપર મુજબ.
**નકલ સવિનય રવાના :** માનનીય કુલપતિશ્રીનાં કાર્યાલય તરફ.

# તારીખ ૨૬મી માર્ચ ૨૦૧૨નાં રોજ બપોરે ૦૩ : ૩૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલય ખાતે મળેલ દ્વિતિય એક્ઝિક્યુટીવ કાઉન્સિલના સભ્યશ્રીઓની બારમી સભાની મિનિટ્સ નોંધ :

Shyamji Krishna Verma Kachchh University 370001

આજ રોજ તારીખ ૨૬મી માર્ચ ૨૦૧૨ને સોમવારનાં બપોરે ૦૩ : ૩૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલય ખાતે દ્વિતિય એક્ઝિક્યુટીવ કાઉન્સિલની બારમી બેઠક માનનીય કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને યોજાયેલ, આ સભામાં નીચે મુજબના સભ્યશ્રીઓ હાજર રહેલ હતા. અધ્યક્ષશ્રી દ્વારા સૌ સભ્યશ્રીઓનાં આવકાર સાથે ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર દ્વારા વર્ષ ૨૦૦૮ માટે અનુવાદ વિભાગમાં દ્વિતિય પારિતોષીક મેળવનાર સભ્યશ્રી ડૉ. દર્શનાબેન ધોળકિયા –પ્રોફેસર, ગુજરાતી ભાષા ભવનને અભિનંદન પાઠવ્યા હતા. હાલે, વર્ષ ૨૦૦૩–૦૪ થી ૨૦૧૦–૧૧ સુધીનાં યુનિવર્સિટીનાં નાણાકીય વ્યવહારોનું ઓડિટ, એકાઉન્ટ જનરલ ઓફિસ, રાજકોટ દ્વારા હાથ ધરવામાં આવેલ હતું તેવી માહિતી આપતાં, હિસાબી વિભાગ તથા તમામ વિભાગોની કામગીરીની સરહાના કરતાં આગળની કાર્યવાહીની શરૂઆત કરવામાં આવી.

| સભ્યશ્રીનું નામ. | હાજર / ગેરહાજર |
|---|---|
| ડૉ.શ્રી એસ.જી. યાદવ. –અધ્યક્ષશ્રી<br>માનનીય કુલપતિશ્રી, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ. | હાજર |
| ડાયરેક્ટર ઓફ હાયર એજયુકેશન,<br>ગુજરાત રાજય, ગાંધીનગર. –સભ્યશ્રી | ગેર હાજર |
| ડાયરેક્ટર ઓફ ટેકનિકલ એજયુકેશન,<br>ગુજરાત રાજય, ગાંધીનગર. –સભ્યશ્રી | ગેર રાજર |
| ડાયરેક્ટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસ એન્ડ મેડિકલ એજયુકેશન,<br>ગુજરાત રાજય, ગાંધીનગર. –સભ્યશ્રી | ગેર હાજર |
| ડૉ.શ્રી બી.એસ.પટેલ. –સભ્યશ્રી<br>ડીનશ્રી, શિક્ષણ વિદ્યાશાખા, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ. | હાજર |
| ડૉ.શ્રી પી. એન.દવે. –સભ્યશ્રી<br>ડીનશ્રી, વિજ્ઞાન વિદ્યાશાખા, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ. | હાજર |
| શ્રી મુકેશભાઈ બી. ઝવેરી. –સભ્યશ્રી<br>મેનેજીંગ ટ્રસ્ટીશ્રી, કચ્છ વિદ્યા પ્રતિષ્ઠાન ટ્રસ્ટ, ભુજ. | હાજર |
| શ્રી જયંતભાઈ કે. માધાપરિયા. –સભ્યશ્રી<br>સભ્યશ્રી, કચ્છ જિલ્લા પંચાયત,માધાપર, તા. ભુજ. | હાજર |
| ડૉ. ડી.સી.ધોળકિયા. –સભ્યશ્રી<br>પ્રોફેસર, ગુજરાતી ભાષા ભવન, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ. | હાજર |
| ડૉ.શ્રી કે.એમ.ત્રિવેદી. –સભ્યશ્રી<br>પ્રોફેસર, સંસ્કૃત ભાષા ભવન, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ. | હાજર |
| ડૉ.શ્રી રાજેન્દ્ર એમ. શાહ. –સભ્યશ્રી<br>માનનીય કુલાધિપતિશ્રીના પ્રતિનિધિ, ગાંધીધામ–કચ્છ. | હાજર |
| શ્રી નવલસિંહ એમ. જાડેજા. –સભ્યશ્રી<br>માનનીય કુલાધિપતિશ્રીના પ્રતિનિધિ, ભુજ –કચ્છ. | હાજર |
| ડૉ.શ્રી બી.એસ.પટેલ. –મેમ્બર સેક્રેટરી<br>( આઈ.સી. કુલસચિવશ્રી, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ.) | હાજર |

પાના નંબર : ૨ : પર ચાલુ..

૧. ગત સભાની મિનિટ્સ નોંધનું વાંચન અને બહાલી :

Krishna Verma Kachchh University Bhuj-Kachchh 370001

ગત તારીખ ૨૩મી ફેબ્રુ.૨૦૧૨ના રોજ મળેલ સભાની મિનિટ્સ નોંધના વાંચની [illegible] મુજબ ઠરાવ કરવામા આવ્યો.

**ઠરાવ : ૧ :** ગત તારીખ ૨૩મી ફેબ્રુ. ૨૦૧૨ના રોજની સભાની મિનિટ્સ નોંધના ઠરાવ :૫: માં લીગલ ઓપીનીયન મેળવવું તેવું નકકી કરાયું અન્ય નોંધને સર્વાનુમતે બહાલી આપવામાં આવે છે.

૨. **યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન (U.G.C.) દ્વારા નોન ૧૨–બી યુનિવર્સિટીઓને ફાળવવામાં આવતી વન ટાઈમ કેચ અપ ગ્રાન્ટ યોજના અન્વયે ફાળવવામાં આવેલ રકમ માંથી નિયત કરાયેલ કાર્યપધ્ધતિ મુજબ હાથ ધરવામાં આવેલ ટેન્ડર પ્રક્રિયાને બહાલ રાખવા બાબત :**

નોન ૧૨ બી સ્ટેટ યુનિવર્સિટીઓ માટે યુ.જી.સી. વન ટાઈમ કેચ અપ ગ્રાન્ટ યોજના મુજબ પત્ર નંબર 88-2/2010/(SU-1) Dt.31/03/2011 થી યુનિવર્સિટીને મળેલ દસ કરોડની ગ્રાન્ટ માંથી ઊભી કરવાની સુવિધાઓ માટે સ્ટાફ ક્વાર્ટર્સ,સ્પોર્ટસ ફેસીલીટીસ અને લેન્ડ સ્કેપિંગ હાર્ડ સ્કેપિંગ માટે આર્કિટેકસની સર્વીસ મેળવવી જરૂરી હોતા તે માટે ઈ–ટેન્ડરીગની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. સમગ્ર પ્રક્રિયાનો અહેવાલ આજની મિટિંગમાં રજૂ થયો. બિલ્ડિંગ સમિતિએ કરેલી ભલામણોની મિટિંગમાં ચર્ચા કરી નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ : ૨ :** વર્ષ ૨૦૧૧–૧૨ માટે નોન ૧૨ બી સ્ટેટ યુનિવર્સિટીઓ માટે યુ.જી.સી. વન ટાઈમ કેચ અપ ગ્રાન્ટ યોજના અન્વયે મંજૂર થયેલ દશ કરોડ રૂપિયાની ગ્રાન્ટ માંથી ઊભી કરવાની સુવિધાઓ માટે કન્સલ્ટન્ટ્સની નિમણૂક કરવા માટે ઈ.ટેન્ડર પ્રક્રિયાથી ટેન્ડર મંગાવવામાં આવ્યા હતા. આ કામના જુદા જુદા તબક્કાઓ વખતે મળેલ બિલ્ડિંગ કમિટીએ કરેલ સમગ્ર પ્રક્રિયા વિસ્તાર પૂર્વક રજૂ થઈ. સભામાં ચર્ચા વિચારણાને અંતે બિલ્ડિંગ કમિટીની નીચે મુજબની ભલામણો રજૂ કરવામાં આવી.

(૧) સ્પોર્ટસ ફેસેલીટી માટે રૂપિયા ૨૫૦ લાખની સુવિધાઓ ઊભી કરવાનું આર્કિટેકટ કન્સલ્ટન્ટનું કાર્ય ૧૦,૦૦,૦૦૦ અંકે રૂપિયા દસ લાખમાં મલ્ટી મિડિયા કન્સલ્ટન્ટ્સ પ્રા.લી.ને આપવું

(૨) લેન્ડ સ્કેપિંગ, હાર્ડ સ્કેપિંગ અને કમ્પાઉન્ડ વૉલની રૂા. ૩૩૨ લાખની સુવિધા ઊભી કરવાનું આર્કિટેકટ કન્સલ્ટન્ટનું કાર્ય રૂા. ૧૧,૯૦,૦૦૦ અંકે રૂપિયા અગિયાર લાખ નેવું હજારમાં વૉગ ડિઝાઈન્સ, અમદાવાદને આપવું.

(૩) સ્ટાફ કવાર્ટ્સ માટે રૂપિયા ૪૧૮ લાખની સુવિધા ઊભી કરવાનું આર્કિટેકટ કન્સલ્ટન્ટનું કાર્ય ૧૪,૦૦,૦૦૦ અંકે રૂપિયા ચૌદ લાખમાં બેન્ચમાર્ક કન્સલ્ટન્ટ્સ અમદાવાદને આપવું.

બિલ્ડિંગ કમિટીની ઉપરોક્ત (૧),(૨) અને (૩)માં કરેલ ભલામણને સર્વાનુમતે બહાલી આપવામાં આવે છે. વર્કઓર્ડર આપી ટેન્ડરની શરતો અનુસાર કાર્ય શરૂ કરવા જણાવવાનું ઠરાવવામાં આવે છે. **Annexure - 1**

પાના નંબર : ૩ : પર ચાલુ..

**૩. યુનિવર્સિટી ખાતે સેન્ટર ફોર એક્સલન્સ એન્ડ કેમિકલ સાયન્સ ટેકનોલોજી સ્થાપિત કરવા માટે રાજ્ય સરકારશ્રી દ્વારા ફાળવવામાં આવેલ ગ્રાન્ટની રકમ માંથી થયેલ ખરીદી કાર્યવાહીને બહાલ રાખવા બાબત :**

યુનિવર્સિટી કેમ્પસ પર રાજ્ય સરકારશ્રી દ્વારા સેન્ટર ફોર એક્સલન્સ ઈન કેમિકલ સાયન્સ ટેકનોલોજી સ્થાપિત કરવા માટે શૈક્ષણિક વર્ષ ૨૦૧૧–૧૨નાં સંદર્ભે ₹ ૨૫૨ લાખની રકમ સાધનોની ખરીદી કરવા માટે મંજૂર કરવામાં આવેલ હતા. યુનિવર્સિટી ફાયનાન્સ કમિટીએ તા.૧૬/૦૮/'૧૧ની મિટિંગનાં ઠરાવ : ૬ : થી આ ખરીદી કરવાની મંજૂરી આપી હતી. તે અનુસાર તા. ૧૨/૦૧/'૧૨નાં રોજનાં 'ગુજરાત સમાચાર' વર્તમાનપત્રમાં જાહેરાત આપી આ સમગ્ર ખરીદી માટે ગુજરાત સરકાર દ્વારા અધિકૃત nproceure.com ઉપર ઈ–ટેન્ડર મૂકી ઓન લાઈન ભાવો મંગાવવામાં આવ્યા હતા. આ ટેન્ડર ભરવાની છેલ્લી તારીખ ૨૧/૦૧/'૧૨ હતી.ઈએમડી ટેન્ડર ફી તથા બાકીનાં ડોકયુમેન્ટસ ભરવાની છેલ્લી તારીખ ૨૩/૦૧/'૧૨ હતી.તા. ૨૪/૦૧/'૧૨નાં બપોરે ૧૨:૦૦ કલાકે યુનિવર્સિટી પરચેઝ કમિટિની ઉપસ્થિતિમાં ટેકનીકલ બીડ ખોલવામાં આવ્યા. ટેકનીકલ બીડ ખોલતા ટેન્ડર ભરેલ પાર્ટીઓનાં સ્પેશીફિકેશનની ચકાસણી માટે તા. ૦૨/૦૨/'૧૨નાં માનનીય કુલપતિશ્રી દ્વારા એક સ્ક્રુટીની કમિટિની નિમણૂક કરવામાં આવી.આ કમિટિની મિટિંગ તા.૧૦/૦૨/'૧૨નાં રોજ યુનિવર્સિટી કાર્યાલય ખાતે મળી તેની ભલામણોની ચર્ચા કરવા તા.૧૦/૦૨/'૧૨નાં રોજ યુનિવર્સિટી પરચેઝ કમિટિની મિટિંગ પણ મળી.તા. ૨૨/૦૨/'૧૨નાં બપોરે ૧૨:૦૦ કલાકે યુનિવર્સિટી પરચેઝ કમિટિની ઉપસ્થિતિમાં પ્રાઈસ બીડ ખોલવામાં આવ્યા. ક્વોલીફાઈડ થયેલ પાર્ટી સાથે નેગોશીયેશન કરવા માટે યુનિવર્સિટી પરચેઝ કમિટિની મિટિંગ તા. ૦૧/૦૩/'૧૨નાં રોજ મળી અને નેગોશીયેશન પૂરા કરવામાં આવ્યા.

**<u>ઠરાવ : ૩ :</u> યુનિવર્સિટી પરચેઝ કમિટિની બધી જ ભલામણોની વિસ્તૃત ચર્ચાઓ કરીને સમગ્ર પ્રક્રિયાને બહાલી આપવામાં આવી અને અંતે નક્કી થયેલ કિંમતે ખરીદી કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવે છે. Annexure - 2**

**૪. યુનિવર્સિટી ખાતે શૈક્ષણિક વર્ષ ૨૦૧૧–૧૨થી શરૂ કરાયેલ આર્કિયોલોજી ભવન માટે રાજ્ય સરકારશ્રી દ્વારા ફાળવવામાં આવેલ ગ્રાન્ટની રકમ માંથી થયેલ ખરીદી કાર્યવાહીને બહાલ રાખવા બાબત :**

યુનિવર્સિટી ખાતે શૈક્ષણિક વર્ષ ૨૦૧૧–૧૨થી શરૂ કરાયેલ આર્કિયોલોજી ભવન માટે રાજ્ય સરકારશ્રી દ્વારા ૧૦૦ લાખની ગ્રાન્ટ મંજૂર કરવામાં આવેલ હતી, યુનિવર્સિટી ફાયનાન્સ કમિટિ દ્વારા તા. ૧૬/૦૮/'૧૧નાં ઠરાવ : ૫ : દ્વારા સાધનોની ખરીદી કરવાની પ્રક્રિયા શરૂ કરવાની મંજૂરી હતી તે અનુંસાર **(A)** –'ગુજરાત સમાચાર' વર્તમાનપત્રમાં તા. ૧૮/૦૨/'૧૨નાં રોજ જાહેરાત આપી હતી.

પાના નંબર : ૩ : પર ચાલુ..

સાધનોની ખરીદી માટે ગુજરાત સરકાર દ્વારા અધિકૃત nproceure.com ઉપર ઓન લાઈન ટેન્ડર ભરવા ભાવો મંગાવવામાં આવ્યા હતા તે ઉપરાંત (B) –'ઈન્ડીયન એકસપ્રેસ' વર્તમાનપત્રમાં તા.૧૭/૦૩/'૧૨ નાં રોજ જાહેરાત આપી nproceure.com ઉપર ઓન લાઈન ટેન્ડર ભરવા ભાવો મંગાવવામાં આવ્યા હતા.(A) ની વિગતે ભાવો ભરવા માટેની અંતિમ તારીખ ૨૯/૦૨/'૧૨ હતી તે પછી ઈએમડી ટેન્ડર ફી તથા બાકીનાં ડોક્યુમેન્ટસ ભરવાની અંતિમ તારીખ ૦૧/૦૩/'૧૨ હતી. તા.૦૨/૦૩/'૧૨ના બપોરે ૧૨:૦૦ કલાકે યુનિવર્સિટી પરચેઝ કમિટિના સભ્યોની ઉપસ્થિતિમાં ટેકનીકલ બીડ ખોલવામાં આવ્યા. તા.૦૫/૦૩/'૧૨નાં પ્રાઈસ બીડ ખોલવામા આવ્યા. આ સ્પેશીફિકેશનની ખરાઈ માટે માનનીય કુલપતિશ્રી દ્વારા એક સ્ક્રુટીની કમિટિની રચના તા.૦૩/૦૩/'૧૨ના થઈ. સ્ક્રુટીની કમિટિની મિટિંગ તા. ૧૧/૦૩/'૧૨ના રોજ મળી. ક્વોલીફાઈડ થયેલ થયેલ પાર્ટીઓ સાથે નેગોશીયેશન યુનિવર્સિટી પરચેઝ કમિટિની ઉપસ્થિતિમાં તા.૧૯/૦૩/'૧૨નાં રોજ કરવામા આવ્યું. **Annexure-3**

**ઠરાવ : ૪ :** **યુનિવર્સિટી પરચેઝ કમિટિ દ્વારા કરાયેલી ભલામણોને સર્વાનુમતે સ્વીકાર કરવામા આવ્યો તે અનુસાર અત્યાર સુધીની ખરીદીને બહાલી આપવામાં આવે છે અને ટેન્ડર (B) પ્રમાણેની પ્રક્રિયા શીઘ્ર પૂરી કરી ખરીદી કરવાની અનુમતિ આપવામાં આવે છે.**

**૫. શૈક્ષણિક વર્ષ ૨૦૧૨–૧૩થી નવા જોડાણ તરીકે અભ્યાસક્રમો શરૂ કરવા માટેની કાર્યવાહી અન્વયે નિમાયેલ નીડ કમિટિની ભલામણો બાબત :**

શૈક્ષણિક વર્ષ ૨૦૧૨–૧૩થી નવા જોડાણ તરીકે વિવિધ અભ્યાસક્રમો શરૂ કરવા માટે મળેલ અરજીઓ અનુસંધાને સંબંધિત કાર્યવાહી હાથ ધરવા ગત સભાનાં ઠરાવ ક્રમાંક : ૮ : દ્વારા રચાયેલ નીડ કમિટિની સભાએ હાથ ધરેલ કાર્યવાહીનો અહેવાલ આ સાથે સામેલ( **Annexure - 4** ) છે, તે પ્રમાણે કમિટિએ મળેલ અરજીઓની યાદીનાં ક્રમવાર કરેલ ભલામણ મુજબ ક્રમાંક નંબર :૧: – ધી મુસ્લીમ એજયુકેશન એન્ડ વેલ્ફેર સોસાયટીની B.B.A. & B.C.A. અભ્યાસક્રમો માટે, ક્રમાંક નંબર :૨: –શ્રી શિવ શકિત સ્ટડી સર્કલ ટ્રસ્ટની B.Ed. & M.Ed. માટે, ક્રમાંક નંબર :૫ : –અંજાર એજયુકેશન સોસાયટીની PGDSPM અભ્યાસક્રમ માટે તેમજ ક્રમાંક નંબર :૧૨: –શ્રી સ્વામિનારાયણ મંદિર ટ્રસ્ટ (નરનારાયણ દેવ) પ્રાયોજીત–શ્રી સ્વામિનારાયણ દ્વિશતાબ્દી મેડીકલ એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટની B.A. & B.Com. (માત્ર મહિલાઓ) માટે જેવા અભ્યાસક્રમો શરૂ કરવા અંગે નવા જોડાણ સંબંધિત આગળની કાર્યવાહી હાથ ધરવા જણાવેલ છે જયારે ક્રમાંક નંબર :૮: મુજબ રાષ્ટ્રીય સ્વાભિમાન ટ્રસ્ટની M. Journa. & Mass Comu. અભ્યાસક્રમ શરૂ કરવા અંગેની અરજી અન્વયે, સદર ટ્રસ્ટ સંચાલિત અને શૈક્ષણિક વર્ષ ૨૦૦૮ –૦૯થી સંલગ્ન કોલેજ –બાબા નાહરસિંહ મહાવિદ્યાલય, ઈન્દ્રપ્રસ્થ ખાતે ચાલતા

પાના નંબર : ૫ : પર ચાલુ..

ચાલતા B. Journa. & Mass Comu. અભ્યાસક્રમા ચાલુ શૈક્ષણિક વર્ષ સુધી નોંધાયેલ વિદ્યાર્થીઓની સંખ્યાને ધ્યાને લેતાં, આ માસ્ટર ડિગ્રી અભ્યાસક્રમ માટે વિદ્યાર્થીઓ મળવાની સંભાવના ઓછી જણાતાં સદર અભ્યાસક્રમ શરૂ ન કરવા ભલામણ કરેલ છે. આ તમામ ભલામણો અંગેની ચર્ચા વિચારણા બાદ નીચે મુજબ ઠરાવ કરવામાં આવ્યો.

**<u>ઠરાવ : ૫ :</u> આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, નીડ કમિટિનાં અહેવાલ મુજબની તમામ ભલામણો સ્વીકારવી અને તે અન્વયે આગળની કાર્યવાહી હાથ ધરવાની સત્તા માનનીય કુલપતિશ્રીને સોંપવામાં આવી. Annexure-4**

**૬. યુનિવર્સિટી કેમ્પસ પર સ્વનિર્ભરતાના ધોરણે ચાલતાં એમ.સી.એ. અભ્યાસક્રમ માટે શૈક્ષણિક સ્ટાફ ભરતી અન્વયે કરાર આધારિત પધ્ધતિથી આસિસ્ટન્ટ પ્રોફેસર –વ્યાખ્યાતા નિમણૂક કરવા સંબંધે તા. ૧૩મી માર્ચ '૨૦૧૨નાં રોજ યોજાયેલ ઓપન ઈન્ટરવ્યુ અન્વયે પસંદગી સમિતિએ હાથ ધરેલ કાર્યવાહી બહાલ રાખવા બાબત :**

સ્વનિર્ભરતાનાં ધોરણે ચાલતા એમ.સી.એ.અભ્યાસક્રમ ચલાવવા માટે ઘટતા શૈક્ષણિક સ્ટાફ અન્વયે વિભાગનાં ઈન્ચાર્જ હેડનાં તા. ૦૯/૦૨/'૧૨નાં પત્ર દ્વારા ત્રણ આસિસ્ટન્ટ પ્રોફેસર – વ્યાખ્યાતાઓની નિમણૂંક કરવા કરાયેલ વિનંતી અન્વયે 'સંદેશ' વર્તમાનપત્રની કચ્છ જિલ્લાની આવૃતિમાં તા. ૦૨/૦૩/'૧૨નાં રોજ ઓપન ઈન્ટરવ્યુ યોજવા જાહેરાત આપવામાં આવેલ હતી અને તે અન્વયે તા.૧૩/૦૩/'૧૨નાં રોજ યુનિવર્સિટીની વરણી સમિતિ દ્વારા ભરતી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ હતી. સદર સમિતિએ હાથ ધરેલ કાર્યવાહી અંગેની ચર્ચા વિચારણા બાદ નીચે મુજબ ઠરાવ કરવામાં આવ્યો.

**<u>ઠરાવ : ૬ :</u> આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, સ્વનિર્ભરતાના ધોરણે ચાલતાં એમ.સી.એ. અભ્યાસક્રમ માટે શૈક્ષણિક સ્ટાફ ભરતી કરવા માટે વરણી સમિતિએ હાથ ધરેલ કાર્યવાહીને બહાલ રાખવામાં આવે છે તેમજ નીચેની વિગતે પસંદ કરાયેલ ઉમેદવારોને,કરાર આધારિત પધ્ધતિથી ફિક્સ ₹ ૧૮,૦૦૦નાં વેતનથી નિયત કરાયેલ શરતોએ આસિસ્ટન્ટ પ્રોફેસર –વ્યાખ્યાતા તરીકે નિમણૂક આપવી.**

**પસંદ કરાયેલ ઉમેદવારો : ૧) રાજગોર રાજેશ કે.**
**૨) કાચા માધવેન્દ્ર.**
**૩) ધોળકિયા પ્રેયશ.**

**પ્રતિક્ષા યાદી : ૧) માનસતા મનિષા.**
**૨) બોખાણી નિલેશ.**

**૭. અંગ્રેજી ભાષા ભવનનાં અધ્યક્ષશ્રી ડૉ.પ્રો.શ્રીધર રાજેશ્વરનની રજા મંજૂરી અંગેની અરજી બાબત :**

પાના નંબર : ૬ : પર ચાલુ..

અંગ્રેજી ભાષા ભવનનાં અધ્યક્ષ ડૉ. પ્રો.શ્રીધર રાજેશ્વરનને DAAD ગેસ્ટ પ્રોફેસર શીપ મળેલ છે જે અન્વયે તેઓએ આગામી તારીખ ૩૧મી માર્ચ ૨૦૧૨ થી તારીખ ૨૧મી જુલાઈ ૨૦૧૨ સુધીની રજાઓ મંજૂર કરવા માટે રજૂઆત કરેલ હતી તે અનુસંધાને તેઓશ્રીને રૂબરૂ બોલાવીને વિગતો મેળવવામાં આવી અને તે અંગેની ચર્ચા વિચારણા બાદ નીચે મુજબ ઠરાવ કરવામાં આવ્યો.

**<u>ઠરાવ : ૭ :</u> આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, ડૉ. પ્રો.શ્રીધર રાજેશ્વરનએ તેઓને મળેલ DAAD ગેસ્ટ પ્રોફેસર શીપ માટે મૂકેલ રજા વિનંતી, યુ.જી.સી.નાં નિયમો અન્વયે Extra ordinary Leave તરીકે મંજૂર કરવી. નીચેના વિગતો માંથી જે વહેલી પૂરી થાય તે સમયગાળા સુધીની રજાઓ મંજૂર કરવામાં કરવામાં આવે છે.**

**૧. ૩૧મી માર્ચ ૨૦૧૨ની ફસ્ટ ટર્મનો અંતિમ દિવસ.**
**૨. ૨૨મી જુનથી ૨૧મી જુલાઈ ૨૦૧૨**

**૮. યુનિવર્સિટી સંલગ્ન અને સ્વનિર્ભરતાનાં ધોરણે બી.બી.એ. અને બી.સી.એ. અભ્યાસક્રમો ચલાવતી સંસ્થાઓ દ્વારા ફીની રકમમાં વધારો કરવા થયેલ રજૂઆત બાબત :**

સ્વનિર્ભરતાના ધોરણે બી.બી.એ. અને બી.સી.એ. અભ્યાસક્રમો ચલાવતી સંલગ્ન કોલેજો દ્વારા હાલે વસૂલવામાં આવતી ફીની રકમમાં સૂચિત વધારો કરવા માટે થયેલ રજૂઆત અંગેની ચર્ચા વિચારણાનાં અંતે નીચે મુજબનો ઠરાવ કરવામાં આવ્યો.

**<u>ઠરાવ : ૮ :</u> આથી ઠરાવવામાં આવે છે કે, ગત તારીખ ૨૬મી નવેમ્બર ૨૦૧૧નાં મળેલ સભાનાં ઠરાવ ક્રમાંક : ૧૨ : દ્વારા રચાયેલ પરીક્ષા ફી વધારા સમિતિને સદર બાબત યોગ્ય ભલામણો કરવા સુપ્રત કરવી અને અહેવાલ રજૂ કરવામાં આવ્યે ફેર વિચાણા અર્થે રજૂઆત કરવી.**

**૯. યુનિવર્સિટી ખાતે સિવિલ ઈજનેરની ભરતી કરવા બાબત :**

યુનિવર્સિટી કેમ્પસ પર આગામી મહિનામાં શરૂ થનાર વિવિધ બાંધકામ તેમજ નવનિર્માણ કામગીરી માટે યુનિવર્સિટી દ્વારા દેખરેખ માટે ખાલી પડેલી સિવિલ ઈજનેરની જગ્યા ભરવા માટે ગત તારીખ ૧૩મી મે ૨૦૧૧નાં રોજની એક્ઝિક્યુટીવ કાઉન્સિલની સભાનાં ઠરાવ : ૧૧ : દ્વારા ઠરાવ્યા મુજબ કરાર આધારિત પધ્ધતિથી આ જગ્યા ભરવા વર્તમાનપત્રોમાં જાહેરાત આપવામાં આવેલ હતી જે મુજબ અરજી રજૂ કરવાની છેલ્લી તારીખ ૧૫મી માર્ચ ૨૦૧૨ હતી. આ સમય મર્યાદામાં અત્રે એક પણ અરજી મળેલ ન હતી. પરંતુ સમય મર્યાદા બાદ એક અરજી મળેલ છે.સદર બાબતે આગળની કાર્યવાહી હાથ ધરવા બાબતે ચર્ચા વિચારણાનાં અંતે નીચે મુજબનો ઠરાવ કરવામાં આવ્યો.

પાના નંબર : ૭ : પર ચાલુ..

**ઠરાવ : ૯ :** આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી ખાતે સિવિલ ઈજનેરની હાલની જરૂરિયાતને ધ્યાને લેતા, મોડી મળેલ એક માત્ર અરજી કરનાર ઉમેદવારને સાક્ષાત્કાર માટે બોલાવી યોગ્ય જણાયતો કરાર આધારિત પધ્ધતિથી ફિક્સ વેતન પર નિમણૂક આપવા અંગેની કાર્યવાહી હાથ ધરવાની સત્તા માનનીય કુલપતિશ્રીને સોંપવામાં આવે છે.

**૧૦. યુનિવર્સિટી પરીક્ષા શુધ્ધી સમિતિની ભલામણો બહાલ રાખવા બાબત :**

યુનિવર્સિટી દ્વારા ગત જુન /ઓકટોમ્બર / નવેમ્બર ૨૦૧૧ દરમ્યાન લેવામાં આવેલ વિવિધ પરીક્ષાઓ દરમ્યાન નોંધાયેલ કોપી કેસ અન્વયે યુનિવર્સિટીની પરીક્ષા શુધ્ધિ સમિતિએ કરેલ ભલામણો બહાલ રાખવા અંગેની ચર્ચા વિચારણા બાદ નીચે મુજબનો ઠરાવ કરવામાં આવ્યો.

**ઠરાવ : ૧૦ :** આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી પરીક્ષા શુધ્ધી સમિતિએ ગત જુન / ઓકટોમ્બર / નવેમ્બર ૨૦૧૧ દરમ્યાન યોજાયેલ પરીક્ષાઓ અન્વયે નોંધાયેલ કોપી કેસ અંગે હાથ ધરાયેલ કાર્યવાહી બાદ કરેલ ભલામણો સર્વાનુમતે બહાલ રાખવામાં આવે છે.

**૧૧. ફાયનાન્સ કમિટીની ભલામણો સ્વીકારવા બાબત :**

ફાયનાન્સ કમિટિની તારીખ ૧લી માર્ચ ૨૦૧૨ અને તારીખ ૧૭મી માર્ચ ૨૦૧૨નાં રોજ મળેલ સભાઓ દરમ્યાન હાથ ધરાયેલ કાર્યવાહી અન્વયે કરાયેલ ભલામણોને બહાલ રાખવા અંગેની ચર્ચા વિચારણા બાદ નીચે મુજબનો ઠરાવ કરવામાં આવ્યો.

**ઠરાવ : ૧૧ :** આથી ઠરાવવામાં આવે છે કે, ફાયનાન્સ કમિટિની તારીખ ૧લી માર્ચ ૨૦૧૨ અને તારીખ ૧૭મી માર્ચ ૨૦૧૨નાં રોજ મળેલ સભાઓ અન્વયે હાથ ધરાયેલ કાર્યવાહી તથા ભલામણો સર્વાનુમતે બહાલ રાખવામાં આવે છે.

**૧૨. અધ્યક્ષ સ્થાનેથી જે રજૂ થાય તે...**

અધ્યક્ષ સ્થાનેથી કોઈ રજૂઆત થયેલ ન હતી.

અન્ય કોઈ મુદ્દો ઉપસ્થિત ન થતાં અધ્યક્ષશ્રીના આભાર સાથે સભા પૂર્ણ થયેલ જાહેર કરવામાં આવી...

B. S. Patel

I/C.Registrar
K.S.K.V. Kachchh University,
Bhuj-Kachchh.